ક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

ંપાદનઃ ગિજુભાઈ • તારાબેન

# બાળનાટકો-૨

1600050



સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# બાળનાટકો-૨

: લેખક :

ગિજુભાઈ

અમદાવાદ-૭
૧૪૭

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની
મુંબઈ-૨ ૦ અમદાવાદ-૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંધી માર્ગ, અમદાવાદ–૧

© પ્રકાશકના

મુદ્રણ સાતમું :
નવેમ્બર ૧૯૬૭

મૂલ્ય પચાસ પૈસા

[૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦–૦૦]

મુદ્રક
જીગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

શ્રી દક્ષિણામૂર્તિ
બાલસાહિત્યમાળા

પુસ્તક ૪૧મું

## અ નુ ક્ર મ

સસોભાઈ સાંકળિયા . . ૩
ટશુકભાઈ . . . . . ૮
ટીડા જોશી . . . . ૧૪
સુપડકન્નો રાજા . . ૨૨
દલો તરવાડી . . . ૨૮

# સસોભાઈ સાંકળિયા

*

પાત્રો : સસલો, શિયાળ્ય, બાવો, પટેલ ને મુખી.

---

## પડદો પહેલો

સસલો :—કેમ બેન! તું કયે મારગે જઈશ?
શિયાળ્ય :—હું તો ચામડાને મારગે જઈશ.
સસલો :—ત્યારે હું લોઢાને રસ્તે જઈશ.
શિયાળ્ય :—રામરામ.
સસલો :—એ રામરામ.

[બંને ચાલતા થાય છે.]

## પડદો બીજો

સસલો :—હવે તો ભૂખ લાગી છે; લાવ ને પેલી બાવાજીની મઢીમાં જાઉં, કંઈક ખાવાનું મળે તો!

[મઢીમાં જાય છે-]

સસલો :—એલા આ તો મજા પડી! અહીં

તો ગાંઠિયા ને પેંડા ને બરફી ને લાડવા :
બધું મીઠું મીઠું છે ! ખૂબ ખૂબ ખાવા દે.
[ખાઈને હોઈયાં કરી સુએ છે, બારણું ખખડે છે.]

બાવો :—એલા મારી મઢીમાં કોણ છે ?

સસલો :—[રોફથી]
એ તો સસોભાઈ સાંકળિયા,
ડાબે પગે ડામ,
ભાગ બાવા, નીકર તારી
તુંબડી તોડી નાખું.
[બાવો નાસી જાય છે.]

## પડદો ત્રીજો

પટેલ :—બાવાજી, બાવાજી ! ભાગ્યા ભાગ્યા ક્યાં જાઓ છો ?

બાવો :—અરે કો'ક મારી મઢીમાં પેસી ગયું છે.

પટેલ :—તે એવું તે કોણ છે ?

બાવો :—કોણ જાણે એ તો રોફથી બોલે છે ને નીકળતું નથી.

પટેલ :—ચાલો તમારી સાથે આવું. ન નીકળે કેમ ? ભાર છે એના ?

[પટેલ ને બાવો જાય છે ને
મઢીનું બારણું ખખડાવે છે.]

પટેલ :—કોણ છે ઈ બાવાજીની મઢીમાં ?

સસલો :—

એ તો સસોભાઈ સાંકળિયા,
ડાબે પગે ડામ;
ભાગ પટેલ, નીકર તારી
પટલાઈ તોડી નાખું.

[પટેલ બીને ભાગે છે.]

## પડદો ચોથો

મુખી :—પટેલ, પટેલ ! ભાગ્યા ક્યાં જાઓ છો ?

પટેલ :—આ બાવાજીની મઢીમાં કો'ક પેસી ગયું છે. કાઢીએ છીએ તો નીકળતું નથી.

મુખી —એવું તે વળી કોણ છે ! ચાલો હું સાથે આવું ન શું નીકળે ! ભાર છે એના ?

[ત્રણે જણા જઈ સાંકળ ખખડાવે છે.]

મુખી :—કોણ છે ઈ બાવાની મઠીમાં ?

સસલો :—

એ તો સસોભાઈ સાંકળિયા,
ડાબે પગે ડામ;
ભાગ મુખી, નીકર તારું

મુખીપણું તોડી નાખું

[ મુખી પણ ભાગે છે. ]

## પડદો પાંચમો

[ સસલો મઢીમાંથી બહાર છે, ત્યાં એને શિયાળ્ય મળે છે. ]

સસલો :—કાં બહેન! તારો રસ્તો કેવો ?

શિયાળ્ય :—મારો રસ્તો તો બહુ જ ખરાબ. પાણી ય ન મળે ને ખાવાનું ય ન મળે.

સસલો :—મને તો ભારે મજા પડી ગાંઠીયા ખાધા પેંડા ખાધા બરફી ખાધી, પાણી પીધું ને કલાક સૂતો.

શિયાળ્ય :—મને બહુ ભૂખ લાગી છે.

સસલો :—જા, પેલી મઢીમાં જઈને ખા. બાવો આવે તો બોલજે —

"એ તો શિયાળબાઈ સાંકળિયાં,
ડાબે પગે ડામ;
ભાગ બાવા, નીકર તારી
તુંબડી તોડી નાખું."

પણ જોજે, રોફથી બોલજે હો !

શિયાળ્ય :—હો, હો.

## પડદો છઠ્ઠો

[ શિયાળ્ય મઢીમાં જાય છે ને ખાય છે.
ત્યાં આવીને બાવો સાંકળ ખખડાવે છે. ]

બાવો :—મારી મઢીમાં કોણ છે?

શિયાળ્ય :—[ ધીરેથી ]

એ તો શિયાળભાઈ સાંકળિયાં,
ડાબે પગે ડામ;
ભાગ બાવા, નીકર તારી
તુંબડી તોડી નાખું.

બાવો :—ઓય રામ! આ તો શિયાળ્ય છે.
મારો એને.

[ અંદર જઈને મારે છે. ]

# ટ શુ ક ભા ઈ

*

: પાત્રો :

ડોશી, સાંગો, સરવણ, લાખો, લખમણ, ટશુકભાઈ અને સિંહ.

## પડદો પહેલો

સ્થળ : ખેતર

[ ડોશી ઠચુક ઠચુક કરતાં પાદર કળશે જાય છે, ત્યાં પાંચ ચીભડાં દેખે છે ને બોલે છે. ]

ડોશી :—આ ચીભડાં બહુ સારાં છે. લાવ્ય ને ઘેર લઈ જાઉં ! આ એક, બે, ત્રણ, ચાર ને પાંચ. પાંચ બસ છે. આ નાનકડું તો કોઠીબું લાગે છે. લાવ્ય ઘેર લઈ જાઉં.

## પડદો બીજો

સ્થળ : ઘર

[હાથપગ ધોઈ, છરી લઈને ડોશી એકેક ચીભડું સમારવા બેસે છે.]

ડોશી :—આ ચીભડું ઠીક લાગે છે. લાવ્ય ને

આને જ પે'લું કાપું.

ચીભડું :—[છરી અડાડે છે ત્યાં] મા, મા! મને ખાશો મા. હું તો તમારું છોકરું છું.

ડોશી :—[આશ્ચર્યથી] અરે; રોયું આ શું? આમાં તો કંઈક લાગે છે. આ તો છોકરું નીકળ્યું! [છોકરાને પાસે બેસાડી] એલા તારું નામ સાંગો.

છોકરો :—ઠીક, માડી!

[ડોશી બીજું ચીભડું લે છે.]

ડોશી :—આ લાગે છે તો ભારે, પણ છે તો પાકું.

ચીભડું :—[છરી અડાડે છે ત્યાં] મા, મા! મને તે ખવાય? હું તો તમારું બાળક છું.

ડોશી :—[આશ્ચર્યથી] અરે, આ તો આમાં ય છોકરું છે! [છોકરું બહાર આવે છે.] લે, ભા! આવ્ય; તારું નામ સરવણ. ચીભડું ખાવું છે દીકરા?

સરવણ :—હા, માડી!

[ડોશી ત્રીજું ચીભડું ઉપાડે છે ને છરી

અડાડે છે, ત્યાં તો ચીભડું બોલે છે.]

ચીભડું :—માડી, માડી! મને કાપશો મા. હું તો તામારું છોકરું છું.

ડોશી :—આ તો માળું કૌતક થયું! આમાં ય છોકરું છે! આવ્ય, ભા! તારું નામ લાખો.

[લાખો બેસે છે. પછી ડોશી ચોથું ચીભડું કાપવા જાય છે ત્યાં તે બોલે છે.]

ચીભડું :—હં હ, માડી! જાળવજો. હું તો તમારું છોકરું છું. મને કાપશો મા.

ડોશી :—અરે! આમાં ય પીટયું છોકરું છે! લે માડી! તું યે આવ્ય; તારું નામ લખમણ.

[ડોશી છેલ્લું ચીભડું હાથમાં લે છે.]

ડોશી :—આ કોઠીબું લાગે છે તો સારું. કોણ જાણે શું યે નીકળશે!

[કાપવા જાય છે.]

કોઠીબું :—હાં હાં, માડી! મને લાગે નહિ. હું તો તમારું ટીનકું છું.

ડોશી :—લે, આ તો રૂપાળું ટીનકડું નીકળ્યું! લે ભાઈ! તારું નામ ટશુકભાઈ; ઠીક ના?

જાઓ છોકરા, રમવા જાઓ.

[છોકરાઓ રમવા જાય છે.]

## પડદો ત્રીજો

સ્થળ : જંગલ

[ડોશી સૂંડલો લઈને છાણાં વીણવા જાય છે ત્યાં રસ્તામાં સિંહ મળે છે.]

સિંહ :—ડોશી, ડોશી! તને ખાઉં; ડોશી, ડોશી! તને ખાઉં.

ડોશી :—અરે, બાપુ! તું તો મારો ભાઈ થાય. મને ખા તો તારા ભાણેજ રખડે ને? મામો છે તે કો'ક વાર ખબર કાઢવા તો આવ્ય!

સિંહ :—[મનમાં] આ લાગ ઠીક છે. બધાને ખવાશે. [ડોશી સાંભળે તેમ] ઠીક બહેન! કાલે આવીશ. ભાણેજને કહી રાખજે.

ડોશી :—ઠીક, ભાઈ!

[ડોશી ઘેર જાય છે.]

## પડદો ચોથો

સ્થળ : ડોશીનું ઘર

[ સિંહ આવે છે. ડોશી છોકરાઓને બોલાવે છે. ]

ડોશી :—એલા છોકરાઓ ! આ મામો આવ્યો; સામે તો જાવ ?

છોકરાઓ :—એ, મામા આવ્યા, મામા આવ્યા ! આવો આવો, મામા ! અહીં બેસો.

[ સિંહ બેસે છે. ]

સિંહ :—[ મોટો અવાજ કાઢીને ] કેમ ભાણેજ ! મજામાં છો ને ?

છોકરા :—હા મામા. મામા ! એક વાર્તા કહોને ?

સિંહ :—એલા સાંભળજો હો, વાર્તા બહુ સારી છે.

પહેલાં તે ખાશું સાંગો સરવણુ,<br>
પછી તે ખાશું લાખો લખમણુ;<br>
પછી તે ખાશું ડોશલીબાઈને<br>
પછી તે ખાશું ટશુકભાઈને

[ છોકરાઓ ચમકી જઈને સાંભળે છે. અને વાત ફરી વાર કરાવે છે. ]

છોકરાઓ :—[ બરાબર સાંભળ્યાં પછી ] મામા ! અમે

એક વાત કહીએ? અમને ય આવડે છે.

સિંહ :—હું અં....ને! તમે ય કહો.

છોકરાઓ :—

હાથડા તે થોભશે સાંગો સરવણ;
પગડા તે થોભશે લાખો લખમણ;
માથું તે કાપશે ટશુકભાઈ રે;
દીવડો તે ઝાલશે ડોશલીબાઈ રે.

[ સિંહ બીતો બીતો સાંભળે છે, અને વાત પૂરી થાય છે એટલે ઊભી પૂંછડીએ નાસી જાય છે. ]

# ટીડા જોશી

*

: પાત્રો :

ટીડા જોશી, રામો પટેલ, ધનો પટેલ, દેવો પટેલ, રાજા, દરબારીઓ, નીંદરડી દાસી અને પ્રધાન.

## દૃશ્ય પહેલું

સ્થળ : ખેતર

રામા પટેલ :—મહારાજ! ક્યાં જવાં?

ટીડો :—આ સામે ગામ.

રામા પટેલ :—આ કો'કના બે બળદ આથડે છે; જો કોઈ ગોતતું હોય તો કહેજો કે રામા પટેલની વાડીએ છે.

ટીડો :—ઠીક, ભાભા.

## દૃશ્ય બીજું

સ્થળ : ધના પટેલનું ઘર

ધનો પટેલ :—આવો આવો, જોશી મહારાજ!

તમે ક્યાંથી?

ટીડો :—આ જજમાનમાં નીકળ્યા છીએ.

ધનો પટેલ :—ઠીક થયું. એલા છોકરા! તારી વહુને કે'જે કે મા'રાજ સારું સીધું કાઢે. મા'રાજ! આ કોઢિયામાં જ રસોઈપાણી કરશો ના?

ટીડો :—હા પટેલ.

[ દેવો પટેલ આવે છે. ]

ધનો પટેલ:—આવો આવો, દેવા પટેલ! અત્યારે ક્યાંથી?

દેવો પટેલ :—આ બપોર દિ'ના બળદ ખોવાયા છે; ક્યાંઈ ગોત્યા ય જડતા નથી.

દેવો પટેલ :—મા'રાજ! જુઓ જોઈએ?

ટીડો :—[ ટીપણું કાઢી આંગળી ગણી ] આ ધન, મકર, મીન, મેખ, કુંભ, ને કરક. દેવા પટેલ! બળદ ધોળા છે કે?

દેવો :—નવાઈ પામતાં હા, મા'રાજ! છે તો ધોળા.

ટીડો :—વરખ, વૃશ્ચિક, કન્યા ને તુળ. બળદનાં

પૂછડાં લાંબાં આવે છે.

દેવો :—સાચું મા'રાજ.

ટીડો—આ સૂરજ, ચંદરને રાહુ; ઉગમણી દિશામાં ચાલ્યા જાઓ. રામા પટેલની વાડીમાં બળદ બેઠા છે.

## દશ્ય ત્રીજું

સ્થળ : ધના પટેલનું ઘર

ધનો પટેલ :—કાં મા'રાજ! ભોજન કર્યાં કે?

ટીડો :—હા, પટેલ

ધનો પટેલ :—મા'રાજ! તમારું જોશ તો ભારે લાગે છે. બળદ બરાબર રામા પટેલની વાડીએથી જ હાથ આવ્યા.

ટીડો :—વિદ્યા તો એવી છે. એ તો જોશવિદ્યા કહેવાય, પટેલ!

ધનો પટેલ :—ત્યારે મા'રાજ! એક જોશ જુઓ ને? આજે પટલાણીએ ઘેર કેટલા રોટલા ઘડ્યા છે?

ટીડો :—એમાં તે શું પૂછ્યુ? ટીપણું ય કાઢવું નહિ. આ મીન, વરખ ને કન્યા; લ્યો

આવી ગયું. કહો જોઈએ, તેર રોટલા કર્યા'તા કે?

ધનો પટેલ :—ઓત્ તારીની! આ તો જબરું જોશ!

ટીડો :—[રોફથી] ત્યારે એમ છે! ગુરુ કાંઈ કાચો નો'તો ધાર્યો!

## દૃશ્ય ચોથું

સ્થળ : રાજકચેરી

રાજા :—પધારો જોશી મહારાજ! [દરબારીઓને] આ જોશીજીને આસન આપો.

ટીડો :—મહારાજની જે થાઓ.

રાજા :—કેમ જોશી મહારાજ! તમે તો મોટા વિદ્વાન છો.

ટીડો :—વિદ્વાન તો શું, પણ....

રાજા :—ના, ના. એમ કેમ બોલો છો? તમારું જોશ તો ભારે છે. જુઓ, ત્યારે આપણે એક જોવરાવવું છે.

[જોશી મૂંઝાય છે, ને ડોકું ધુણાવે છે.]

રાજા :—જુઓ, મહારાજ! રાણીનો હાર

ખોવાયો છે. ક્યાં છે ને કોણ લઈ ગયું છે–તે બરાબર જોઈ આપો. પણ જો ચૂક્યા તો ઘાણીએ ઘાલીને તેલ કાઢીશ.

ટીડો :—પણ....

રાજા :—તમને પૂરેપૂરા રાજી કરશું. મહારાજ! [દરબારીઓને] અલ્યા કોણ છે? મહારાજને સીધાપાણીની ગોઠવણ કરી આપો; ને પણે આપણો એકદંડિયો મહેલ છે ત્યાં ઉતારો કરાવો.

## દશ્ય પાંચમું

સ્થળ : એકદંડિયો મહેલ

સમય : રાતનો

ટીડો :—આ તો ભૂંડી થઈ! જોશ જોવા બેઠા ત્યાં તો સપડાયા. આ નીંદરડી યે આવતી નથી. ક્યારનો ભજન કરું છું પણ આવે ત્યારે ના? એ નીંદરડી આવ્ય, એ....નીંદરડી!....હે ભગવાન! કાલે આવી બન્યું! આ ભોગ ક્યાંથી લાગ્યા? એ નીંદરડી આવ્યં; એ નીંદરડી આવ્ય, એ નીંદરડી આવ્ય....

[નીંદર દાસી આવે છે.]

નીંદરડી :—મા'રાજ! એક ગુનો માફ કરો. આ લ્યો રાણીનો હાર. મારું નામ ન લેશો. તમારું જોશ છે કોઈ? કોઈને ખબર નો'તી કે મેં નીંદરડીએ હાર લીધો છે.

ટીડો :—જો, નીંદરડી! આ હાર રાણીના ખાટલા નીચે મૂકી આવ્ય. પછી તું તારે સૂઈ જા. જા, તારું નામ નહિ લઉં. પણ જોજે, કોઈ જાગે નહિ.

[ નીંદરડી જાય છે. ]

ટીડો :—હાશ! હે ભગવાન! તારી કંઈ દયા છે!

### દૃશ્ય છઠ્ઠું

સ્થળ : રાજકચેરી

રાજા :—કેમ જોશી મહારાજ! જોશમાં શું આવે છે?

ટીડો :—સન્મુખો કૃદંતસ્ય....
આ વૃશ્ચિક, ધન ને મીન ઊભા,
ને કુંભ કરણ ને રાવણ બેઠા.
રાજાજી! હાર તો રાણીજીના પલંગ નીચે જ પડ્યો છે! ક્યાંઈ ખોવાયો નથી ને

કોઈએ ચોર્યો ય નથી.

રાજા :—હજૂરી! જાઓ જોઈએ; પલંગ નીચે હાર છે કે નહિ તેની તપાસ કરો.

[ હજૂરી જાય છે ને પાછો આવે છે. ]

હજૂરી :—જી મહારાજ! રાણીજીનો હાર તો ત્યાં જ પડ્યો હતો.

રાજા :—[ ખુશી થઈ ને ] ખરા, ટીડા જોશી ખરા! આજથી તમે અમારા રાજજોશી. લ્યો, આ શિરપાવ લ્યો.

ટીડો :—મહારાજની જે થાઓ.

## દશ્ય સાતમું

### સ્થળ : કચેરી

[ ટીડો વિચારમાં પડે છે. ]

રાજા :—કહો જોશીજી! મારા હાથમાં શું છે?

પ્રધાન :—જોશી! જોજો; ભૂલ્યા છો તો આબરૂ જવી છે!

રાજા :—આબરૂ શાની, ભૂલે તો જીવ જ જાય ના? વર્ષાસન મફતનું ખાય છે?

ટીડો :—[ખૂબ મૂંઝાઈને] મહારાજ!

ટપ ટપ કરતાં તેર જ ગણ્યા,
વાટે જાતાં ધોરી મળ્યા;
નીંદરડીએ આપ્યો હાર,
કાં રાજા ટીડાને માર?

રાજા :—[મનમાં] એલા, આ તો જાણે છે! [જોશીને] જાશી! કોને ન મારવાનું કહો છો?

ટીડો :—કોને કેમ, આ ટીડાને. બિચારા ગરીબને માર્યે શી હુશિયારી? મારો ને કો'ક મીરને!

રાજા :—જોશી મહારાજ! સાબાશ છે! તમારું જોશ તો સરસ. મારા હાથમાં ટીડડું હતું તે ય તમે જાણી ગયા!

ટીડો :—[અજાયબીમાં ખુશી થઈને] જાણીએ જ ના? જોશ કાંઈ જેવા તેવા ભણ્યા છીએ?

[સૌ જાય છે.]

# સુપડકન્નો રાજા

*

: પાત્રો :

રાજા, પ્રધાન, ઘનિયો હજામ, સુતાર, વગેરે

## દૃશ્ય પહેલું

સ્થળ : રાજદરબાર

રાજા :—પ્રધાનજી! આ જુઓ તો ખરા, મારા કાન કાંઈ મોટા લાગે છે?

પ્રધાન :—અરે આ શું? કાન તો મોટા સૂપડા જેવા દેખાય છે! કાંઈ ખાધું પીધું હતું?

રાજા :—ખાવામાં તો શું, પણ કાલે શિકારે ગયો હતો ત્યાં ભૂખ લાગી હતી એટલે ચકલી ખાધી હતી.

પ્રધાન :—એમ કહો ને ત્યારે !

રાજા :—પણ હવે કરવું શું ?

પ્રધાન :—કાલથી દવા કરશું. પણ હમણાં બહાર નહિ નીકળાય. આ મેડીએ એકલા રહેવું પડશે. એક હું આંટોફેરો કરીશ. કોઈ જોઈ જાય તો આબરૂ જાય ના !

રાજા :—ઠીક ત્યારે એમ કરો.

## દૃશ્ય બીજું

સ્થળ : રાજમહેલની ડેલી

રાજા :—એલા ધનિયા ! જો, આટલા બધા વાળ વધ્યા છે તે જાળવીને લઈ લે.

ધનિયો :—બાપુ ! આ શું ?

રાજા :—એ તો મારા કાન છે.

ધનિયો :—બાપુ ! આવડા સૂપડા જેવડા કયે દિવસ થયા ?

રાજા :—હવે તારે શું કામ છે ?

ધનિયો :—પણ બા....પુ !

રાજા :—જો, કોઈને કાનની વાત કરી છે તો તારી વાત તું જાણ! ઘાણીએ ઘાલીને તેલ કાઢીશ. જીવતો નહિ જવા દઉં, સમજ્યો ?

ધનિયો :—હોય બાપુ, હું તે કોઈને કહું ?

## દશ્ય ત્રીજું

સ્થળ : ખેતર

ધનિયો :—મારું સાળું, વાત પેટમાં રહેતી નથી. ક્યારની ખદબદ ખદબદ થયા જ કરે છે! કાં તો હવે ઊલટી થશે ને કાં તો ઝાડો થશે. [જરાક વિચાર કરીને] ઠીક છે, આ લાકડાને કહેવા દે....અરે ભાઈ!

રાજા સુપડકન્નો! રાજા સુપડકન્નો! [વાત કહીને] હાશ! હવે નિરાંત થઈ. [જરા વાર રહી] અરે, આ તો બોલાવા લાગ્યું! ઠીક છે, થાય તે ખરું. રાજાને ખબર પડશે તો તો મૂઆ!

## દૃશ્ય ચોથું

સ્થળ : ખેતર

સુતાર :—અરે, કોણ બોલે છે? સાંભળવા દે.
"રાજા સુપડકન્નો."
"રાજા સુપડકન્નો."
[તપાસ કરે છે.] હું અં...., આ તો લાકડું બોલે છે! ચાલ ત્યારે એને ઘેર લઈ જાઉં. એમાંથી વાજાં સારાં બનશે, ને રાજાને ભેટ ધરીશ તો રાજા ખુશી ખુશી થશે.

## દૃશ્ય પાંચમું

સ્થળ : રાજકચેરી

પ્રધાનજી :—મહારાજ! એક સુતાર વાજિંત્રો લાવ્યો છે તે વગાડે?

રાજા :—હા; નીચે બેસારો ને કહો કે ભલે વગાડે.

સુતાર :—રાજાજી! સાંભળજો તબલું બજાવું છું.
[બજાવે છે.]

"રાજા સુપડકન્નો."
"રાજા સુપડકન્નો."

રાજા :—[મનમાં] અરે ! આ શું ? [સુતારને] ઠીક, હવે બીજું વગાડો.

સુતાર :—હવે સાહેબ ! સારંગી વગાડું છું.

[વગાડે છે.]

"તને કોણે કીધું ?"
"તને કોણે કીધું ?"

રાજા :—[મનમાં] આ તો મારી જ વાત લાગે છે. અરે, આને કોણે કીધું હશે ? [સુતારને] ઠીક, હવે બજાવો જોઈએ ત્રીજું વાજિંત્ર કેવું છે ?

સુતાર :—આ હવે ઢોલકી બજાવું છું, બહુ સારી વાગે છે. [વગાડે છે.]

"ધબધબ, ધનિયા હજામે.'
"ધનિયા હજામે."
"ધનિયા હજામે."
"ધબધબ ધનિયા હજામે."

રાજા :—[મનમાં] હં ! આ તો ધનિયાના કામા !

[ બૂમ મારે છે. ] અરે! કોણ છે નીચે? બોલાવો ધનિયા હજામને.

[ ધનિયો આવે છે. ]

ધનિયો :—શા'બ! મેં કોઈને વાત નથી કીધી.

રાજા :—પણ આ ઢોલકી શું કહે છે?

ધનિયો :—શા'બ! એક લાકડાને કીધું'તું. બીજા કોઈને નહિ.

રાજા :—જાઓ, ધનિયાને બે તમાચા મારીને કાઢી મૂકો ને સુતારને ઈનામ આપો.

# દલો તરવાડી

*

: પાત્રો :

દલો તરવાડી, ભટાણી, વશરામ પટેલ.

## દૃશ્ય પહેલું

સ્થળ : દલા તરવાડીનું ઘર

ભટાણી :—તરવાડી! સાંભળ્યું કે?

તરવાડી :—શું કહો છો, ભટાણી?

ભટાણી :—રીંગણાં લાવો ને રીંગણાં! રીંગણાં ખાવાનું મન થયું છે.

તરવાડી :—એમાં તે શી મોટી વાત છે? કાલ રીંગણાં લાવું.

ભટાણી :—તો તો રૂપાળો ઓળો કરીને ખાઈએ.

## દૃશ્ય બીજું

સ્થળ : વાડી

દલો :—[ વાડીમાં ફરીને રીંગણાં જુએ છે. ] માળું વાડીમાં કોઈ દેખાતું નથી. પૂછવું ય કોને? [ જરા વિચાર કરીને ] કંઈ નહિ. વાડીનો ધણી નથી તો વાડી તો છે ને? ચાલ ને એને જ પૂછું. [ જરા જોરથી પૂછે છે ]

"વાડી રે બાઈ વાડી!"

[ થોડી વાર રહીને ]

દલો :----વાડી કાંઈ થોડી બોલવાની છે? એ તો પૂછવું ય મારે, ને જવાબ દેવો ય મારે.

[ વાડી વતી પોતે બોલે છે. ]

"શું કહો છો દલા તરવાડી?"

દલો :----રીંગણાં લઉં બે ચાર?

[ વળી પાછો પોતે બોલે છે. ]

"લે ને ભાઈ, દસ બાર."

દલો :----[ ફાંટ ભરીને ] આં તો મોટી ફાંટ થઈ! ભટાણી રાજીનારેડ થશે.

## દૃશ્ય ત્રીજું

સ્થળ : ઘર

તરવાડી :—લ્યો ભટાણી! હવે રાજી થશો ના?

ભટાણી :—રીંગણાં છે તો બહુ સારાં. રોજ લાવશો તો રોજ ઓળો કરશું.

તરવાડી :—અહીં કોને આળસ છે?

## દૃશ્ય ચોથું

સ્થળ : વાડી

પટેલ :—[ચારે તરફ વાડીમાં ઝીણી નજરે જોઈને] કો'ક વાડીમાં આવતું લાગે છે. આટલાં બધાં રીંગણાં જાય ક્યાં? ઠીક છે, આજ તો સંતાવા જ દે. જે આવશે તે પકડાશે.

[સંતાય છે, દલો તરવાડી આવે છે]

દલો :—આજે ય કોઈ દેખાતું તો નથી. ત્યારે કેમ કરશું? ઠીક છે, વાડીને જ પૂછીએ.

[પૂછે છે.]

"વાડી રે બાઈ વાડી!'

[પોતે જવાબ દે છે.]

"શું કહો છો દલા તરવાડી?"

દલો :—રીંગણા લઉં બે ચાર?

[ફરી વાર પોતે જ બોલે છે.]

"લે ને ભાઈ, દસ બાર!"

[દલો રીંગણાં એકઠાં કરી ફાંટ ભરે છે.]

પટેલ :—એ મારા'જ! આ શું લીધું?

દલો :—શું કેમ? રીંગણાં લીધાં.

પટેલ :—કોને પૂછીને લીધાં?

દલો :—કોને પૂછીને કેમ? વાડીને પૂછીને!

પટેલ :—વાડી તે કાંઈ બોલતી હશે?

દલો :—વાડી તો નથી બોલતી, પણ મારે તો જીભ છે ના?

પટેલ :—હં, હવે સમજ્યો. એ મારા'જ! આમ તો આવો, જરા ખબર તો પડે!

[દલાને પકડીને કૂવા પાસે લઈ જાય છે.]

પટેલ :—કૂવા રે ભાઈ કૂવા?

[કૂવાને બદલે પોતે જ બોલે છે.]

"શું કહો છો વશરામ ભૂવા?"

પટેલ :—દલાને ડબકાં ખવરાવું બે ચાર?

[કૂવાને બદલે ફરી વાર પોતે બોલે છે.]

"ખવરાવ ને ભાઈ! દસ બાર!"

[દલાને બાંધીને કૂવામાં સીંચે છે.]

દલો :—ભાઈશા'બ! એક વાર જવા દે, તારી ગાય છું. હવે કોઈ દિવસ ચોરી નહિ કરું.

[વશરામ પટેલ દલા તરવાડીને બહાર કાઢીને છોડે છે. બંને જણા જાય છે.]

*卐*

# મનોરંજન ગ્રંથમાળા

હરીશ નાયક

જે દેશનું બાળપણ ભૂખ્યું હશે
તે દેશની જુવાની કેવી હશે?

જે બાળકોનું જ્ઞાન અધૂરું હશે
તે યુવાનોનું ભાવિ કેવું હશે?

માટે જ

મનોરંજન સાથે જ્ઞાન આપતી શ્રી. હરીશ નાયકની જ્ઞાનવર્ધક 'મનોરંજનગ્રંથમાળા' ની બાર સુંદર પુસ્તિકાઓ આપના બાળકોને વંચાવવી જ રહી.

[ટૂંક સમયમાં જ મળશે.]

આર. આર. શેઠની કંપની